ભેટ



ખટ-ખટ-ખટ!
ખટ-ખટ કોણ કરે છે?
હું.
હું એટલે કોણ?
નવું વર્ષ.
કોનું કામ છે?
બાળકોને મળવું છે.
શું લાવ્યા છો?
ભેટ.
પધારો, નવા વર્ષ, તમે આવ્યા
તેથી અમને ખુશી થઈ!

"આ બંડલમાં શું હશે?"

"મને લેવા દે!" વાસ્યા બોલ્યો.
"ના, તારાથી નહિ ઊપડે, બહુ ભારે છે, તું તો હજી સાવ નાનકો છો!"

"આ તો મારે માટે છે!" વાલ્યા બોલી.
"ના, મારે માટે છે!" ગાલ્યા બોલી ઊઠી.

"આમાં ચોક્કસ કોઈ મજાની ચીજ હશે!" ધોળિયાને થયું.



"આવડું મોટું બૉક્સ આપણે ખોલીશું કેવી રીતે?" પેત્યાએ પૂછ્યું. આપણે એમને મદદ કરવી પડશે! પાનું ફેરવો એટલે ખબર પડી જશે.



સાવ નાની ધારદાર કાતર લો અને કાળજીથી લાલ લીટીએ લીટીએ કાપો. કાપી લેશો એટલે તમને દેખાશે કે પાંચ નાનકડાં બારણાં બની ગયાં છે. હવે કાળી તૂટક લીટીઓ પાસેથી વાળી દો. બસ. પણ પહેલાં નક્કી કરી લો કે નાનકડાં બારણાંને તમારે કઈ તરફ ખૂલે એમ રાખવાં છે.

જુઓ, શિયાળાદાદા પાસે કેટલાં બધાં રમકડાં છે! તમને ગમે એવું રમકડું પસંદ કરી લો.

નાવડી



એક દેડકું, એક મરઘડું, એક ઉંદર, એક કીડી, અને એક પતંગિયું, પાંચેય એક વાર ભેગાં ફરવા નીકળ્યાં.

થોડી વારમાં સૌ એક ઝરણાને કાંઠે પહોંચ્યાં.

"ચાલો, નાહવાની મજા માણીએ," દેડકું બોલ્યું અને તેણે પાણીમાં ઝંપલાવ્યું.

"પણ અમને તો તરતાં નથી આવડતું!" મરઘડું, ઉંદર, કીડી, અને પતંગિયાએ દેકારો કરી મૂક્યો.

"ડ્રાંઉ-ડ્રાંઉ-ડ્રાંઉ!" દેડકું હસવા લાગ્યું. "તો પછી તમે બધાં કામનાં જ શું?" દેડકું એટલું બધું હસ્યું કે તેનું ગળું રૂંધાતું માંડ રહી ગયું.



મરઘડાને, ઉંદરને, કીડીને, અને પતંગિયાને માઠું લાગ્યું. તેમણે કંઈક ઉપાય વિચારી કાઢવાની કોશિશ કરી. સૌએ ખૂબ વિચાર્યું, ખૂબ વિચાર્યું, અને પછી આમ કર્યું:



મરઘડું જઈને થોડી વારમાં એક પાંદડું લઈ આવ્યું.

ઉંદર જઈને અખરોટનું અરધું કોચલું લઈ આવ્યો.



કીડી એક સળી લઈ આવી.
અને પતંગિયું લાંબો કાળો દોરો લઈ આવ્યું.

પછી સૌ કામે વળગી ગયાં. તેમણે કોચલાને તળિયે સળી ખોડી દીધી અને પાંદડાને દોરા વડે સળીએ બાંધી દીધું. જોતજોતામાં એક નાનકડી રૂપાળી નાવડી બની ગઈ. એવી નાવડી તમે ક્યાંય નહિ જોઈ હોય.

નાવડીને પાણીમાં ધકેલીને સૌ અંદર ચડી ગયાં અને નાવડી પાણીમાં સરકવા લાગી.

દેડકાએ ડોકું પાણીમાંથી બહાર કાઢયું અને તે હસવા જતું હતું પણ નાવડી તો ખૂબ ખૂબ આઘે નીકળી ગઈ હતી. નાવડી એટલી બધી આઘે નીકળી ગઈ હતી કે દેડકું તેને કોઈ કાળે આંબી શકે એમ નહોતું.

આ ચિત્રમાં શો ગોટાળો છે?



ઉંદરને શાની બીક લાગે છે તે જાણી લેવા માટે તમને જુદા જુદા રંગની ત્રણ પેનસિલની જરૂર પડશે. એક કાળી, એક લાલ, અને એક પીળી પેનસિલ લો. જે ખાનાંમાં કાળાં ટપકાં છે તેમાં કાળી પેનસિલ વડે કાળો રંગ પૂરો. એ જ રીતે લાલ ટપકાવાળાં ખાનાંમાં લાલ રંગ અને પીળા ટપકાવાળાં ખાનાંમાં પીળો રંગ પૂરો.

આ બચ્ચાં બાળ પાયોનિયર કૅમ્પ જોવા આવ્યાં છે. પણ દરવાજો બંધ છે. "અંદર કેવી રીતે જઈશું?" બાળકોએ પૂછ્યું. એક કાતર લો અને તેમને દરવાજો ખોલી આપવાની કોશિશ કરી જુઓ.



પ્યારાં બાળકો! આ પાનાં પર દોરેલાં ચિત્રોની પટ્ટીઓ કાપી લેશો એટલે તમારા હાથમાં ચાર ફિ
એ ઉપરાંત તમને ચાર પ્રવાસફિલ્મો પણ મળી જશે: 'સાગરકિ

શેળો અને સસલું

પગેરું
કાઢતો પેત્યા

[illegible] જ્શે : 'શેળો અને સસલું', 'પગેરું કાઢતો પેત્યા', 'દેડકાનાં પરાક્રમો', અને 'વસંતના દિવસો'
'[illegible]માં રખડપાટ', 'ઉત્તરની સફર', અને 'વનમાં સહેલ'.



આ ચિત્રમાં બે તૂટક લીટીઓ આંકેલી છે. ચિત્રને કાતર વડે લીટીએ લીટીએ કાપશો એટલે પટ્ટી જેવાં ત્રણ લાંબાં ચિત્રો બની જશે. ચિત્રોને પલટાવો એટલે બીજાં ચિત્રો નજરે પડશે.





પાયોનિયર કમ્પમાં બાળકો કેવી મજાની રમતો રમે છે!

જુઓ તો, કેટલા બધા કૂતરા! સૌ લાગ જોતા ઊભા છે કે બિલાડીનું બચ્ચું ભુલભુલામણીમાંથી બહાર નીકળે એટલે તરત જ તેને પકડી લે. પણ બિલાડીના બચ્ચાને જરાય બીક નથી. તેને એક એવા રસ્તાની ખબર છે કે જે સીધો નાનકડી બાળકી પાસે જ નીકળે. કૂતરા કેવા ઉલ્લુ બની જશે!

એ રસ્તો તમે ગોતી શકશો?



જોવા ખેલતમાશા જઈએ,
ટિકિટની ફિકર ના કરીએ.
લઈને ખુરશી આસન જમાવો,
નજર ટેલિવિઝન પર લગાવો.
પડદો છે બારી જેવો,
ખેલ રંગત જમાવે એવો.
નાટક, સિનેમા, નાચની મહેફિલ,
ક્યારેક સરકસ બહલાવે દિલ.
ભારે મજા ભાઈ ગમ્મતનો નહિ પાર!
વેળાસર આવજો, મોડા નહિ લગાર.



ટેલિવિઝનનો ખેલ બતાવવા માટે પહેલાં સેટ બનાવી લેવો પડશે. ચિત્રમાં દેખાતા ટેલિવિઝન સેટની ઉપરનીચે લાલ લીટીઓ આંકેલી છે. કાતર લઈને લીટીએ લીટીએ કાપા પાડશો એટલે પડદો બની જશે. હવે છૂટાં પાનાંમાંથી ચિત્રોની લાંબી પટ્ટીઓ કાપીને ફિલ્મો તૈયાર કરી લો.





મિજાજી બિલાડી

નાની બેબી ટેબલ પાસે બેસીને ચિત્ર દોરી રહી છે. એટલામાં એક કાબરચીતરી બિલાડી આવી પહોંચી અને જોવા લાગી કે બેબી શું ચીતરી રહી છે.

"શું ચીતરે છે?" બિલાડીએ પૂછ્યું. (તમે તો જાણતા જ હશો કે બિલાડીઓને બધે ખોળાખોળી કરવાનું બહુ ગમતું હોય છે.)

"તારે માટે ઘર બનાવી રહી છું," બેબીએ કહ્યું. "આમ જો, આ છત છે, આ ધુમાડિયું છે, અને આ બારણું છે..."

"ઘરમાં મારે શું કરવાનું?" બિલાડીએ પૂછ્યું.

"તું ચૂલો સળગાવીને ખીર પકાવજે."

બેબીએ ધુમાડિયામાંથી નીકળતી ધુમાડાની સેર ચીતરી.

"પણ બારી ક્યાં છે?" બિલાડીએ પૂછ્યું. "તને તો ખબર છે કે બિલાડી હંમેશાં બારીમાંથી ઠેકડો મારીને ઘરમાં આવે."

બેબી ચિત્રમાં બારીઓ દોરતી બોલી: "લે—એક, બે, ત્રણ ને ચાર બારીઓ..."

"ઘરમાં ફરવાની જગ્યા હશે કે નહિ?"

"હમણાં બનાવી દઉં છું."

બેબીએ ઘરની ચોતરફ વાડ ચીતરી અને કહ્યું: "આ છે તારો બગીચો."

બિલાડી નાક ચડાવતી બોલી:

"આને કાંઈ બગીચો કહેવાય? અરે, આમાં તો કશું છે જ નહિ!.."

"જરાક ધીરજ રાખ," બેબી બોલી. "આ છે ફૂલની ક્યારીઓ. અને જો, આ સફરજનના ઝાડ ઉપર મજાનાં ગુલાબી સફરજન લટકે છે. વળી આ શાકભાજીના વાડામાં ગાજર અને કોબીજ ઊગેલાં છે..."

"કોબીજ!.." બિલાડીનું નાક વધારે ઉપર ચડી ગયું. "અને મારે માછલાં ક્યાં પકડવાં?"

"અહીંયાં..."

બેબીએ ચિત્રમાં એક નાની તળાવડી દોરી અને તેમાં ટચૂકડી માછલીઓ તરતી બતાવી.



"મજાની વાત... અને પંખીડાં હશે કે?" ચબરાક બિલાડીએ પૂછ્યું. "તને તો ખબર છે કે મને પંખીડાં બહુ જ ગમે છે."
"વારુ લે—આ મરઘો ને આ મરઘી, અને ભેગાં ત્રણ મરઘડાં. વળી આ એક બતક..."
બિલાડીના મોંમાં પાણી આવી ગયું અને તે હોઠ ચાટવા લાગી. પછી તીણા અવાજે મ્યાઉં કરીને તેણે પૂછ્યું:
"ઘરમાં ઉંદર પણ હશે ને?.."
"ના, ના, ઉંદર તો એકેય નહિ હોય."
"મારા ઘરની રખેવાળી કોણ કરશે?"
"લે—એક ચોકીદાર ગોઠવી દઉં છું."
બેબીએ દરવાજા પાસે એક નાનકડી ઓરડી ચીતરી. "આ રહ્યો ચોકીદાર. તેનું નામ છે કાળિયો."



પણ બેબીએ કૂતરાના આકાર દોર્યા કે તરત જ બિલાડીની પૂંછડી ઊંચી થઈ ગઈ અને તેનાં રૂંવાં ખડાં થઈ ગયાં. તે બોલી ઊઠી:

"મને તો ઘર જરાય પસંદ નથી, હું એમાં નહિ રહું!.."

પછી બિલાડી મોં ચડાવીને ચાલતી થઈ ગઈ.

કેવી મિજાજી બિલાડી!



સફર માટે બધું તૈયાર! બારીની બન્ને તરફ લાલ લીટીઓ છે ત્યાં કાપા પાડો. તમે પહેલેથી કાપી રાખેલી પ્રવાસફિલ્મોને એ કાપા વાટે સરકાવો. હવે તમે મરજી પડે ત્યાં જઈ શકો છો — ઉત્તર ધ્રુવની સફરે, વિશાળ વનોમાં, પહાડો ઉપર, કે પછી દક્ષિણના હૂંફાળા સાગરને કિનારે.

તૈયાર? તો ચાલો ઊપડીએ!

કહાણીઓ : સુતેયેવ અને વિનોકૂરોવ

કવિતા : નૈદેનોવા

અનુવાદ : અતુલ સવાણી

В. СУТЕЕВ

ПОДАРОК

На языке гуджарати

ચિત્રાંકન : સુતેયેવ

પ્રગતિ પ્રકાશન • મોસ્કો

સોવિયેત સંઘમાં મુદ્રિત

С $\frac{70801\text{-}092}{014\,(01)\text{-}78}$ 709-76